| | | | |
|---|---|---|---|
| ફરીયાદ રજુ થયા તા. | ૨૦/૦૭/૨૦૨૪ | | |
| ફરીયાદ નોંધ્યા તા. | ૨૦/૦૭/૨૦૨૪ | | |
| ફેસલ કર્યા તા. | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**મે.ત્રીજા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, સુરેન્દ્રનગર.**

**ક્રિમીનલ કેસ નં.: ૨૨૮૬/૨૦૨૪**

**આંક :**

**ફરીયાદી** : રચના પેકેજીંગ ના માલીક
ધનશ્યામભાઈ દેવુભાઈ ટમાલીયા
રહે. સંજીવની સોસાયટી, ૮૦ ફુટ રોડ,
દેશળ ભગતની વાવ પાસે, સુરેન્દ્રનગર.

**વિરુધ્ધ**

**આરોપી** : રીજવાનભાઈ રજાકભાઈ મેમણ
ધંધો:– જુના બોક્ષ લે–વેચનો તથા ચશ્માનો
ઠે. શોપ નં.૪, શ્યામ કિરણ એવન્યુ.
બી.એસ.એન.એલ. ઓફીસ પાસે,
પુષ્પકુંજ, મણીનગર, અમદાવાદ
રહે.રોયલ એન.કે.ફલેટ, પહેલા માળે,
સેકુલ ઈસ્લામ મસ્જીદ સામે,
શાહ આલમ દરવાજા, શાહ આલમ રોડ,
અમદાવાદ.

**ગુન્હો : ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ**

**ફરીયાદ પક્ષ તરફે : વિધ્વાન વકીલ શ્રી વી.એસ. જાની**
**આરોપી પક્ષ તરફે : વિધ્વાન વકીલ શ્રી એન.સી. પારધી**

**:::: ચુ કા દો ::::**

**(૧) પ્રસ્તાવના:**

ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ હાલની ફરિયાદ ધી ગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ સાથે વાંચતા ૧૪૨ મુજબ કરેલ છે.

## (૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત:

૨.૧) ફરીયાદી ઉપરોક્ત સરનામે રહે છે અને આ કામના તહોમતદાર ઉપરોક્ત સરનામે રહે છે. અને આ કામના તહોમતદાર જુના બોક્ષ લે–વેચનો તથા ચશ્માનો વેપાર ધંધો કરે છે અને તેમના પિતાશ્રી પણ જુના બોક્ષ લે–વેચનો વેપાર ધંધો કરે છે. આ કામના તહોમતદાર તથા તેમના પિતાશ્રી સાથે ફરીયાદી ઘણા સમયથી જુના બોક્ષ લે–વેચનો વેપાર ધંધો કરે છે. જેથી વેપારીક સંબંધના દાવે આ કામના તહોમતદારને ધંધાના વિકાસ માટે નાણાંની જરૂરીયાત ઉપસ્થિત થતાં, જે ધંધાકીય સંબંધોના કારણે આજથી આશરે ૬–માસ પહેલા હાથ ઉછીના રૂપીયાની ફરીયાદી પાસે માંગણી કરતાં ફરીયાદીએ આ કામના તહોમતદારને તેમની સાથેના ધંધાકીય સંબંધોના કારણે કટકે કટકે હાથ ઉછીના રૂા.૧૬,૦૦,૦૦૦/–( અંકે રૂપીયા સોળ લાખ પુરા) આજથી ૬–માસ પહેલા આપેલા. ત્યારબાદ સમય પુરો થયા બાદ ફરીયાદીએ આ કામના તહોમતદાર પાસેથી કાયદેસરના હાથ ઉછીના લેણા રૂા.૧૬,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા સોળ લાખ પુરા) ની માંગણી કરતા ફરીયાદીને આ કામના તહોમતદારએ જણાવેલ કે, "હાલમાં અમારી પાસે રોકડમાં નાણાં નથી જેથી હુંતમોને મારા ખાતાની બેંકનો એક ચેક આપુ છું જે ચેકમાં લખેલ તારીખે તમો તમારી કાયદેસરની હાથ ઉછીની ચેક મુજબની લેણી રકમ વસુલ મેળવવા અર્થે તમારા ખાતાની બેંકમાં વસુલાત અર્થે રજુ કરશો તો તમોને તમારી ચેક મુજબની કાયદેસરની હાથ ઉછીની લેણી રકમ વસુલ મળી જશે" તેમ જણાવીને આ કામના તહોમતદારએ ફરીયાદીને તેમના બેંક ઓફ બરોડા, વાસણા રોડ શાખા અમદાવાદના ખાતા નં.૧૮૨૫૦૧૦૦૦૧૧૮૯૬ નો ચેક નં.૦૦૦૦૮૩ વાળો તા.૦૩/૦૫/૨૦૨૪ નારોજ નો રૂા. ૧૬,૦૦,૦૦૦ /– (અંકે રૂપીયા સોળ લાખ પુરાનો) ચેક આપેલો. અને જે ચેક ફરીયાદીએ આ કામના તહોમતદારના વિશ્વાસ અને ભરોસે સ્વીકારેલો.

૨.૨) ત્યારબાદ ફરીયાદીએ આ કામના તહોમતદારએ આપેલો

ઉપરોક્ત વિગતો વાળો ચેક તા.૧૧/૦૬/૨૦૨૪ ના રોજ તેઓના આઇ.ડી.બી.આઇ. બેંક સુરેન્દ્રનગર શાાખાના ખાતા નં.૦૨૨૦૧૦૪૦૦૦૧૨૭૮૭૫ માં વસુલાત અર્થે રજુ કરતાં, સદરહુ ચેક તા.૧૨/૦૬/૨૦૨૪ ના રોજ "FUNDS INSUFFICIENT" ના શેરા સાથે એટલે કે આ કામના તહોમતદારએ ચેકમાં જણાવેલી તારીખે તેમના ખાતામાં ચેકની રકમ જેટલું પુરતુ નાણાં ભંડોળ રાખેલ નથી તેવા કારણે વગર વસુલાતે પરત ફરેલ. જેની જાણ ફરીયાદીને ત્યારબાદ તેઓના ખાતાની બેંક દ્વારા કરવામાં આવેલ છે. જેથી ફરીયાદીએ આ અંગે આ કામના તહોમતદારને રૂબરૂ મળી વાત કરતાં આ કામના તહોમતદારએ ફરીયાદીને સરખો જવાબ આપેલ નહીં અને ફરીયાદી પાસે ગલ્લા તલ્લા કરવા લાગેલા. આમ સદરહુ ચેક મુજબનાં નાણાં ફરીયાદીને મળેલ નથી. આમ આ કામના તહોમતદાર ઈરાદાપુર્વક જાણતા હતાં કે આ કામના તહોમતદારએ ચેકમાં લખેલ તારીખે ચેકની રકમ જેટલું નાણાં ભંડોળ તેમના ખાતામાં રાખેલ નથી. જેથી આ કામના તહોમતદારએ ઈરાદાપુર્વક ફરીયાદીની કાયદેસરની હાથ ઉછીની લેણી રકમ ફરીયાદીને નહીં ચુકવવાના બદ ઈરાદા સાથે ફરીયાદી સાથે વિશ્વાસઘાત તેમજ છેતરપીંડી અને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો ફરીયાદી સાથે ગુન્હાહીત માનસ ધરાવી કરેલ.

૨.૩) જેથી ફરીયાદીએ સદરહુ ઉપરની હકીકતો તથા વિગતોએ વગર વસુલાતે ચેક પરત આવતા તહોમતદારને તેમનાં ઘરના અને ધંધાના કાયમી અને સાચા સરનામે તેમના નામે તા.૧૯/૦૬/૨૦૨૪ નાં રોજ રજી.એ.ડી. થી ધી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટના ભંગ બદલની બે અલગ અલગ નોટીસ વકીલશ્રી વિપુલ એસ.જાની મારફત આપેલ જે નોટીસ આ કામના તહોમતદારને તેમના ધંધાના સરનામે તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે. તેમજ જે નોટીસ તા.૨૨/૦૬/૨૦૨૪ ના રોજ તેમના ઘરના સરનામે બજી ગયેલ છે. તેમ છતાં આજદિન સુધી આ કામના તહોમતદારને વારંવાર મૌખીક જાણ કરી કાયદેસરના બાકી લેણા

નાંણા ચુકવી આપવા અંગે જણાવવા છતાં આજદિન સુધી ફરીયાદીને આ કામના તહોમતદારે "એક રાતીપાઈ" પણ ચુકવેલ "ન" હોય જેથી, આ કામનાં તહોમતદારે જાણી બુજીને બદ ઈરાદા પુર્વક અમો ફરીયાદી સાથે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ના ભેગ મુજબનો ગંભીર ગુન્હો ફરીયાદી સાથે ગુન્હાહીત માનસ ધરાવી કરેલ છે. જેથી અમો ફરીયાદીને આ ફોજદારી ફરીયાદ (ફોજદારી કેસ) આપ નામદાર કોર્ટ સમક્ષ દાખલ કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

૨.૪) આ કામના તહોમતદારે આપેલો ચેક ફરીયાદીએ તેઓના આઇ.ડી.બી.આઇ. બેંક સુરેન્દ્રનગર શાાખાના ખાતામાં રજુ કરેલ હોય જેથી સદરહું ચેક પણ સુરેન્દ્રનગર મુકામે પરત ફરેલ હોય તથા ફરીયાદીનું બેંક એકાઉન્ટ પણ સુરેન્દ્રનગર ખાતે આવેલ હોય તેથી આ ફોજદારી ફરીયાદ(ફોજદારી કેસ) સાંભળવા તથા ચલાવવા અને ન્યાય નિર્ણય કરવા આપ નામદાર કોર્ટને સંપુર્ણ હકુમત અને સત્તા છે.

૨.૫) ઉપરની હકીકતોએ ફરીયાદીની ઘણી જ માનસર નમ્ર અરજ છે કે,આ કામનાં તહોમતદારને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો નોંધી આ ફરીયાદ રજીસ્ટરે લઈ આ કામના તહોમતદાર સામે ફોજદારી રાહે સખ્ત પગલા ભરી, કડક હાથે કાર્યવાહી કરવા ન્યાયનાં હિતમાં હુકમ કરવા મહે.કરશોજી. તથા આ કામનાં તહોમતદાર ફરીયાદીને સદરહું ફરીયાદ પેરા–(૨) માં દર્શાવેલ વિગતોવાળા ચેકની રકમ વસુલ આપે તેવો ન્યાયનાં હિતમાં હુકમ કરવા મહે.કરશોજી. તથા આ કામનાં તહોમતદારને સદર ફરીયાદનાં પેરા–(૨) માં દર્શાવેલ વિગતોવાળા ચેકની કમ કરતા બમણી રકમનો દંડ તથા "સખ્ત કેદ" ની કાયદા અનુસાર પુરેપુરી સજા કરવા ન્યાયના હિતમાં હુકમ કરવા મહે.કરશોજી.આ કામનાં તહોમતદાર પાસેથી ફરીયાદીને વળતર અપાવવા પણ ન્યાયના હિતમાં હુકમ કરવા મહે.કરશોજી. તથા આ ફરીયાદનું તમામ ન્યાયી ખર્ચ પણ અપાવવા મહે.કરશોજી.

**(૩) કેસની કાર્યવાહી:**

ફરિયાદીએ તા. ૨૦ /૦૭ /૨૦૨૪ ના રોજ ફરિયાદ કરતા મારા પુરોગામી ફરિયાદીની ફરિયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવા તથા આરોપી વિરૂધ્ધ ધી નેગોશિયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબના ગુના મુજબ બી.એન.એસ.એસ.ની કલમ–૨૨૭ અનવયે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ. ત્યારબાદ સદર સમન્સ આરોપીને ધોરણસર બજી જતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં ન થતાં આરોપીને જામીનપાત્ર વોરંટ કરતા તહોમતદાર હાજર થયેલ.તહોમતદારના કેસની નકલો મળી ગયા ની ખાત્રી કરી મારા પુરાગામી ન્યાયાધીશશ્રીએ આંક–૦૮ થી તા. ૧૧ / ૦૪ /૨૦૨૫ ના રોજ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસની આગળની કાર્યવાહી કરવામાં આવેલ.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે તથા આરોપીપક્ષે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**ફરિયાદપક્ષે મૌખિક પુરાવો:**

| ક્રમ | સાહેદનુ નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | ઘનશ્યામભાઇ દેવુભાઇ ટમાલીયાની સોગંદપરની સરતપાસ | ફરિયાદી | ૦૪ |

**ફરિયાદપક્ષે દસ્તાવેજી પુરાવો:**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | તહોમતદારે આપેલ અસલ ચેક નં. ૦૦૦૦૮૩ | ૧૦ |
| ૨ | ચેક રીટર્ન મેમો | ૧૧ |
| ૩ | તહોમતદારને આપેલ રજી. એડી. નોટીસ | ૧૨ |
| ૪ | બંને સરનામે નોટીસ રજી.એડી. કર્યાની પહોંચ – ૨ | ૧૩ |

| | | |
|---|---|---|
| ૫ | રજી. એડી. નોટીસ મળ્યાની એકનોલેજમેન્ટ | ૧૪ |
| ૬ | નોટીસ બજી ગયાનુ પોસ્ટનુ ટ્રકીંગ રીપોર્ટ તા. ૨૨–૬–૨૪ | ૧૫ |
| ૭ | નોટીસ બજીગયાનુ પોસ્ટનુ ટ્રકીંગ રીપોર્ટ તા. ૨૧–૬–૨૪ | ૧૬ |
| ૮ | રચના પેકેજીંગનું જી.એસ.ટી પ્રમાણપત્ર | ૧૭ |
| ૯ | ફરીયાદીનું ઓળખ કાર્ડ | ૧૮ |
| ૧૦ | કલોઝીંગ પુરસીશ | ૨૧ |

આરોપી તર્ફે મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

(૫) આરોપી તરફે ફરીયાદીની ઉલટ તપાસના તબકકે આરોપી તથા તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી કે ફરીયાદીની ઉલટ તપાસ કરવા માટે કોઈ તૈયારી દર્શાવેલ ન હોય મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ ફરીયાદપક્ષની આંક–૨૦ની અરજી લગતના હુકમથી ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો આરોપીપક્ષનો હકકબંધ કરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ તહોમતદાર તા.૧૫–૦૭–૨૦૨૫ ના રોજ સદરહુ કામ એફ.એસ. પર હોય, પરંતુ આરોપી તથા તેમના વિ.વ.શ્રી હાજર રહેતા ન હોવાથી, મજકુર કામ ચલાવવામાં વિલંબ થતો હોવાથી મજકુર કામનાં ફરિયાદીએ તહોમતદારનો એફ.એસ.નો હકક બંધ કરીને આગળની કાર્યવાહી માટે કેસ ચલાવવા આંક–૨૨ થી અરજી કરતાં, તા..૧૫–૦૭–૨૦૨૫ નાં રોજ પણ મુદતે આરોપી તથા તેમના વકીલશ્રી હાજર ન હોય,મારા પુરોગામી ન્યાયધીશશ્રીએ આરોપીના વિશેષ પુરાવાનો હક બંધ કરવામાં આવેલ છે.

## (૭) દલીલો:

૭.૧) આ કામે ફરિયાદ પક્ષ તર્ફે વિ.વ.શ્રીનાઓએ દલીલ કરી જણાવેલ છે કે આરોપી પક્ષે ફરિયાદી સાથે નાણાંકીય વ્યવહાર થયેલાની

હકીકતનો સ્વીકાર થયેલ છે આ રકમ આરોપીએ ફરિયાદીને ચુકવી આપેલાનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પુરવાર કરી શકેલ નથી તેમજ સદર વ્યવહારનું કાયદેસરનું લેણું આરોપીએ સંપૂર્ણપણે ચુકવી આપેલ હોય તેવું આરોપી પુરવાર કરી શકતાં નથી. ફરિયાદ પક્ષ આંક-૧૦ વાળો ચેક કાયદેસરનાં લેણાં પેટે આરોપીએ આપેલાની હકીકત પુરવાર કરે છે. તેથી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ અને ૧૩૯ મુજબનું અનુમાન ફરિયાદ પક્ષની તરફેણમાં થાય છે. આરોપી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ અને ૧૩૯ નાં અનુમાનનું ખંડન કરતો કોઈપણ પુરાવો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રજૂ કરી શકેલ નથી તેથી આરોપી વિરૂધ્ધ કલમ-૧૩૮ મુજબનો ગુનો પુરવાર થાય છે, તેથી આરોપીને કાયદા મુજબ યોગ્ય સજા તથા ચેકની બમણી રકમ અપાવવા અરજ કરેલ છે.

૭.૨) આરોપીપક્ષે કોઈ દલીલ કરેલ નથી.

(૮) ઉપરોકત હકીકતના આધારે ફરીયાદપક્ષે તથા આરોપીઓનો બચાવ તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવાને ધ્યાનમાં આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**<u>મુદ્દા નં. ૧ :</u>**

૧) શુ ફરિયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદીએ આરોપીને આપેલ માલના કાયદેસરના લેણા પેટે આરોપીએ તેઓની સહી કરીને આપેલ ચેક જે બેંકમાં ભરતાં,જે ચેક પરત ફરતાં આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૩૮ અન્વયે નો ભંગ કરી શિાક્ષાપાત્રને ગુન્હો કરેલ છે?

૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧) હકારમાં

૨) આખરી હુકમ મુજબ

-:: કા ર ણો ::-

(૧૦) ફોજદારી ફરીયાદ સાબિત કરવા માટેનો પાયાનો સિધ્ધાંત એવો છે કે, જે ગુન્હો કર્યાનો આક્ષેપ હોય તે ગુન્હો આરોપી ધ્વારા કરવામાં આવ્યો છે કે કેમ? તે શંકારહીત પુરવાર કરવાની જવાબદારી સામાન્ય રીતે ફરીયાદ પક્ષની હોય છે. જયારે નેગો. ઈ.મેન્ટ એકટની કલમ: ૧૩૯, કલમ ૧૧૮ મુજબ ફરીયાદીની તરફેણમાં કેટલાક અનુમાનો કાયદા મુજબ કરવાના થાય છે. આ અનુમાનોથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવાની જવાબદારી આરોપીની રહે છે. તે મુળભુત પાયાનો સ્થાપિત સિધ્ધાંતને ધ્યાને રાખીને નીચે મુજબ ચર્ચા કરવામાં આવે છે.

**મુદ્દા નં ૧:**

૧. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે નામદાર એપેકક્ષ કોર્ટ દ્રારા નીચે મુજબની બાબતો નિ:શંકપણે પુરવાર કરવી જોઈએ.

11.1) Hon’ble Apex Court has in case of **Jugesh Sehgal Vs. Shamsher Singh Gogi reported in AIR 2009 SC Spp. 2022** held that to constitute an offence under Section 138 of the Act, the certain ingredients are required to be fulfilled, which reads as under;

“9. It is manifest that to constitute an offence under Section 138 of the Act, the following ingredients are required to be fulfilled:

(i) a person must have drawn a cheque on an account

maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account;

(ii) The cheque should have been issued for the discharge, in whole or in part, of any debt or other liability;

(iii) that cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity whichever is earlier;

(iv) that cheque is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank;

(v) the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within 15 days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;

(vi) the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt of the said notice;

10. Being cumulative, it is only when all the aforementioned ingredients are satisfied that the person who had drawn the cheque can be deemed to have committed an offence under Section 138 of the Act."

11.2 (2018) 13 SCC 663 **N Harihar Krishnan Vs. J. Thomas**

23. The scheme of the prosecution in punishing under Section 138 of THE ACT is different from the scheme of the CrPC. Section 138 creates an offence and prescribes punishment. No procedure for the investigation of the offence is contemplated. The prosecution is initiated on the basis of a written complaint made by the payee of a cheque. Obviously such complaints must contain the factual allegations constituting each of the ingredients of the offence under Section 138. Those ingredients are: (1) that a person drew a cheque on an account maintained by

him with the banker; (2) that such a cheque when presented to the bank is returned by the bank unpaid; (3) that such a cheque was presented to the bank within a period of six months from the date it was drawn or within the period of its validity whichever is earlier; (4) that the payee demanded in writing from the drawer of the cheque the payment of the amount of money due under the cheque to payee; and (5) such a notice of payment is made within a period of 30 days from the date of the receipt of the information by the payee from the bank regarding the return of the cheque as unpaid. It is obvious from the scheme of Section 138 that each one of the ingredients flows from a document which evidences the existence of such an ingredient. The only other ingredient which is required to be proved to establish the commission of an offence under Section 138 is that inspite of the demand notice referred to above, the drawer of the cheque failed to make the payment within a period of 15 days from the date of the receipt of the demand. A fact which the Complainant can only assert but not prove, the burden would essentially be on the drawer of the cheque to prove that he had in fact made the payment pursuant to the demand.

**11.4) From above judgments following ingredients are required to be proved to establish the offence under Section 138 of the NI Act.:-**

(i) Drawing of cheques by Respondents-accused.

(ii) Cheques issued for debts or liabilities

(iii) Presentation of cheques during validity period

(iv) Dishonour on presentation

(v) Issuance of notice

(vi) Failure of payment of cheques amount

## (૧૧) સ્વીકૃત (બિન તકરારી)હકિકતો:

૧) ફરિયાદી તથા આરોપી વચ્ચે ધંધાકીય સંબંધ છે.

૨) ફરિયાદીને આરોપીએ "બેંક ઓફ બરોડા, વાસણા રોડ શાખા અમદાવાદના ખાતા નં.૧૮૨૫૦૧૦૦૦૧૧૮૯૬ નો ચેક

નં.૦૦૦૦૮૩ વાળો તા.૦૩/૦૫/૨૦૨૪ નારોજ નો રૂા. ૧૬,૦૦,૦૦૦ /– (અંકે રૂપીયા સોળ લાખ પુરાનો) ચેકથી ચુકવી આપેલ છે.

૩) તકરારી ચેક આરોપીએ સહી કરીને આપેલ છે.

**1. આરોપી દ્વારા ચેક લખવામાં આવેલ હતો.(Drawing of cheques by Accused.)**

**(૧૨)** પક્ષકારોની સ્વીકૃત હકિકતો તથા ફરિયાદીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબ ફરિયાદીએ આરોપીને આપેલ નોટીસ, તથા રજુ થયેલા પુરાવા જોતાં જે નીચે મુજબ છે.

| Sr. | Cheque no. | Amount | Date | Exh. | Drawan on |
|---|---|---|---|---|---|
| 1. | 000083 | 16,00,000/- | 03/05/24 | 10 | **BANK OF BARODA VASNA ROAD BRANCH AMD.** |

૧૨.૧) આ કામે ફરિયાદી ઘનશ્યામભાઈ દેવુભાઈ ટમાલીયાની આં ક:૦૪ ની સોગંદપરની સરતપાસ જોતાં તેમાં જણાવેલ છે કે,આ કામના તહોમતદાર તથા તેમના પિતાશ્રી સાથે ફરીયાદી ઘણા સમયથી જુના બોક્ષ લે–વેચનો વેપાર ધંધો કરે છે. જેથી વેપારીક સંબંધના દાવે આ કામના તહોમતદારને ધંધાના વિકાસ માટે નાણાંની જરૂરીયાત ઉપસ્થિત થતાં, જે ધંધાકીય સંબંધોના કારણે આજથી આશરે ૬–માસ પહેલા હાથ ઉછીના રૂપીયાની ફરીયાદી પાસે માંગણી કરતાં ફરીયાદીએ આ કામના તહોમતદારને તેમની સાથેના ધંધાકીય સંબંધોના કારણે કટકે કટકે હાથ ઉછીના રૂા.૧૬,૦૦,૦૦૦/–( અંકે રૂપીયા સોળ લાખ પુરા) આજથી ૬–માસ પહેલા આપેલા. ત્યારબાદ સમય પુરો થયા બાદ ફરીયાદીએ હાથ ઉછીના લેણા ની માંગણી કરતા ફરીયાદીને આ

કામના તહોમતદારએ જણાવેલ કે, અમારી પાસે રોકડમાં નાણાં નથી જેથી હું તમોને મારા ખાતાની બેંકનો એક ચેક આપુ છું જે ચેક વસુલાત અર્થે રજુ કરશો તો તમોને તમારી ચેક મુજબની કાયદેસરની હાથ ઉછીની લેણી રકમ વસુલ મળી જશે તેમ જણાવીને આ કામના તહોમતદારએ ફરીયાદીને તેમના બેંક ઓફ બરોડા, વાસણા રોડ શાખા અમદાવાદના ખાતા નં.૧૮૨૫૦૧૦૦૦૧૧૮૯૬ નો ચેક નં.૦૦૦૦૮૩ વાળો તા.૦૩/૦૫/૨૦૨૪ નારોજ નો રૂા. ૧૬,૦૦,૦૦૦ /- (અંકે રૂપીયા સોળ લાખ પુરાનો) ચેક આપેલો.

૧૨.૨) ઉપરોકત હકીકત લગત આરોપી તર્ફે પુરતી તક આપવા છતા બચાવ કરેલ નથી કે નકારી કાઢેલ નથી. વધુમાં આરોપીએ આંક-૮ ની પ્લીમાં ગુન્હો કબુલ નથી તેમજ કેસ આગળ ચલાવવો છે તેમ જણાવેલ છે. આરોપીએ ખંડનાત્મક કોઈ બચાવ કે આધારભુત પુરાવો રજુ કરેલ નથી.

The ratio laid down by the Hon'ble Supreme Court in case of **Bir Singh vs Mukesh Kumar reported in (2019) 4 SCC 197**.

37. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139,makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. <u>It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.</u>

38. <u>If a signed blank cheque is voluntarily presented to a payee,towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque.</u> The onus would still be on the

accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.

40. Even a blank cheque leaf, voluntarily signed and handed over by the accused, which is towards some payment, would attract presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt.

૧૨.૩) આમ, ફરિયાદીને આરોપીએ "બેંક ઓફ બરોડા, વાસણા રોડ શાખા અમદાવાદના ખાતા નં.૧૮૨૫૦૧૦૦૦૧૧૮૯૬ નો ચેક નં.૦૦૦૦૮૩ વાળો તા.૦૩/૦૫/૨૦૨૪ નારોજ નો રૂા. ૧૬,૦૦,૦૦૦ /- (અંકે રૂપીયા સોળ લાખ પુરાનો) ચેકથી લખી આપેલ છે તે હકીકત પુરવાર થયેલ છે.

**II) (ચેક દેવા અને જવાબદારી પેટે આપવામાં આવેલ હતો.)(Cheque issued for debts or liabitities.)**

**(૧૩)** આ કામે ફરિયાદી ધનશ્યામભાઈ દેવુભાઈ ટમાલીયાની આંક:૦૪ ની સોગંદપરની સરતપાસ જોતા તેમાં જણાવેલ છે કે, આ કામના તહોમતદાર તથા તેમના પિતાશ્રી સાથે ફરીયાદી ઘણા સમયથી જુના બોક્ષ લે-વેચનો વેપાર ધંધો કરે છે. જેથી વેપારીક સંબંધના દાવે આ કામના તહોમતદારને ધંધાના વિકાસ માટે નાણાંની જરૂરીયાત ઉપસ્થિત થતાં, જે ધંધાકીય સંબંધોના કારણે આજથી આશરે ૬-માસ પહેલા હાથ ઉછીના રૂપીયાની ફરીયાદી પાસે માંગણી કરતાં ફરીયાદીએ આ કામના તહોમતદારને તેમની સાથેના ધંધાકીય સંબંધોના કારણે કટકે કટકે હાથ ઉછીના રૂા.૧૬,૦૦,૦૦૦/-( અંકે રૂપીયા સોળ લાખ પુરા) આજથી ૬-માસ પહેલા આપેલા. ત્યારબાદ સમય પુરો થયા બાદ ફરીયાદીએ હાથ ઉછીના લેણા ની માંગણી કરતા ફરીયાદીને આ કામના તહોમતદારએ જણાવેલ કે, અમારી પાસે રોકડમાં નાણાં નથી જેથી હું તમોને મારા ખાતાની બેંકનો એક ચેક આપુ છું જે ચેક વસુલાત અર્થે રજુ કરશો તો તમોને તમારી ચેક મુજબની

કાયદેસરની હાથ ઉછીની લેણી રકમ વસુલ મળી જશે તેમ જણાવીને આ કામના તહોમતદારએ ફરીયાદીને તેમના બેંક ઓફ બરોડા, વાસણા રોડ શાખા અમદાવાદના ખાતા નં.૧૮૨૫૦૧૦૦૦૧૧૮૯૬ નો ચેક નં.૦૦૦૦૮૩ વાળો તા.૦૩/૦૫/૨૦૨૪ નારોજ નો રૂા. ૧૬,૦૦,૦૦૦ /- (અંકે રૂપીયા સોળ લાખ પુરાનો) ચેક આપેલો.

**III. ચેક મુદતની અંદર રજુ કરવામાં આવેલ હતો.(Presentation of cheque during validity period).**

(૧૪) આ કામે ફરિયાદી ઘનશ્યામભાઈ દેવુભાઈ ટમાલીયા આંક:૦૪ ની સોગંદપરની સરતપાસ જોતા તેમાં જણાવેલ છે કે તહોમતદાર ધ્વારા તેઓ ફરિયાદીને આપેલ ચેક ફરિયાદીએ તા.૧૧/૦૬/૨૦૨૪ ના રોજ તેઓના આઇ.ડી.બી.આઇ. બેંક સુરેન્દ્રનગર શાાખાના ખાતા નં.૦૨૨૦૧૦૪૦૦૦૧૨૭૮૭૫ માં વસુલાત અર્થે રજુ કરતાં, સદરહુ ચેક તા.૧૨/૦૬/૨૦૨૪ ના રોજ " FUNDS INSUFFISIENT " ના શેરા સાથે પરત ફરેલ છે.જે વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| 1 | **Exhibit no. of cheque** | **Exh-10** |
| 2 | **Cheque no.** | **000083** |
| 3 | **Drawn on Bank** | **BANK OF BARODA VASNA ROAD BRANCH AMD.** |
| 4 | **Date on cheque** | **03/05/24** |
| 5 | **Amount** | **16,00,000/-** |
| 6 | **Date on presentation** | **11/06/24** |
| 7 | **Presented in Bank** | **IDBI BANK SURENDRANAGAR BRANCH** |
| 8 | **Date of return** | **12/06/24** |
| 9 | **Cause of return** | **FUNDS INSUFFISIENT** |
| 10 | **Exh.no.of return memo issued by IDBI bank surendranagar branch** | **Exh-11** |

| | | |
|---|---|---|
| **11** | **Validity period** | **3 month from date of cheque** |

ઉપરોકત મુદા લગતની ચર્ચા મુદા નં–૬ સાથે કરવામાં આવેલ છે.

૧૪.૧) ઉપરોકત હકીકત લગત આરોપી તર્ફે પુરતી તક આપવા છતા બચાવ કરેલ નથી કે નકારી કાઢેલ નથી. વધુમાં આરોપીએ આંક–૮ ની પ્લીમાં ગુન્હો કબુલ નથી તેમજ કેસ આગળ ચલાવવો છે તેમ જણાવેલ છે. આરોપીએ ખંડનાત્મક કોઈ બચાવ કે આધારભુત પુરાવો રજુ કરેલ નથી. આંક–૧૦ વાળા ચેકમાં તા. ૦૩/૦૫/૨૦૨૪ ના રોજની છે. ચેકની ચોક્કસ મુદત ૩ માસની જણાવેલ છે. હાલના કેસમાં આંક–૧૦ વાળા ચેકમાં તા. ૦૩/૦૫/૨૦૨૪ ના રોજની છે. જેથી ચેકની મુદત તા. ૦૩/૦૮/૨૦૨૪ સુધીની ગણાય.

૧૪.૨) **આ તબક્કે નેગોશિયેબલ ઈસ્ટ્રમેન્ટ એકટ કલમ–૧૪૬ જોતા જે નીચે મુજબ છે.**

**Section 146. Bank's slip prima facie evidence of certain facts.**

The Court shall, in respect of every proceeding under this Chapter, on production of bank's slip or memo having thereon the official mark denoting that the cheque has been dishonoured, presume the fact of dishonour of such cheque, unless and until such fact is disproved.

૧૪.૩) ઉપરોકત હકીકત લગત આરોપી તર્ફે પુરતી તક આપવા છતા બચાવ કરેલ નથી કે નકારી કાઢેલ નથી. વધુમાં આરોપીએ આંક–૮ ની પ્લીમાં ગુન્હો કબુલ નથી તેમજ કેસ આગળ ચલાવવો છે તેમ જણાવેલ છે. આરોપીએ ખંડનાત્મક કોઈ બચાવ કે આધારભુત પુરાવો રજુ કરેલ નથી. આમ ફરિયાદીના મૌખિક

પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા ફરિયાદીએ એ હકિકત પુરવાર કરેલ છે કે આરોપીએ આપેલો તકરારી ચેક ચોક્કસ મુદતની અંદર રજુ કરેલ છે.

**IV ચેક રજુ થતા ચેકનો અનાદર (Dishonour on Presentation)**

(૧૫) આ કામે ફરિયાદી ઘનશ્યામભાઈ દેવુભાઈ ટમાલીયા આંક:૦૪ ની સોગંદપરની સરતપાસ જોતાં તેમાં જણાવેલ છે કે આ કામના તહોમતદારે આપેલ ચેક અમો ફરિયાદીએ બેંકમાં ભરતા સદર ચેક ''FUNDS INSUFFISIENT '' સાથે પરત આવેલ. બેંક દ્બારા આપવામાં આવેલ અસલ બેંક રીટર્નમેમો આંક–૧૧ થી રજુ કરેલ છે. ઉપરોકત હકીકત લગત આરોપી તર્ફે પુરતી તક આપવા છતા બચાવ કરેલ નથી કે નકારી કાઢેલ નથી. વધુમાં આરોપીએ આંક–૮ ની પ્લીમાં ગુન્હો કબુલ નથી તેમજ કેસ આગળ ચલાવવો છે તેમ જણાવેલ છે. આરોપીએ ખંડનાત્મક કોઈ બચાવ કે આધારભુત પુરાવો રજુ કરેલ નથી.

આમ ઉપરોકત હકિકત લગત ફરિયાદપક્ષે રજુ થયેલ આંક–૧૧ જોતાં ફરિયાદીએ તહોમતદાર દ્બારા ફરિયાદીને આપેલ ચેક ફરિયાદીની ''IDBI BANK SURENDRANAGAR'' શાખા માં ભરતા સદરહું ચેક તા.૧૨/૦૬/૨૦૨૪ ના રોજ રીટર્ન થયા અંગેનો રીટર્ન મેમો રજુ કરેલ છે. રીટર્ન મેમો લગત આરોપી તર્ફે કોઈ બચાવ રજુ કરેલ નથી. આમ આરોપી દ્બારા આપવામાં આવેલ ચેક ફરિયાદીએ બેંકમા ભરતા રીટર્ન થયેલ છે તે હકિકત ફરિયાદપક્ષે પુરવાર કરેલ છે.

**V નોટીસ (Issuance of Notice):**

(૧૬) આ કામે ફરિયાદી ઘનશ્યામભાઈ દેવુભાઈ ટમાલીયા આંક:૦૪

ની સોગંદ પરની સરતપાસ જોતાં તેમાં જણાવેલ છે કે, અમો ફરીયાદીએ તેમનાં ઘરના અને ધંધાના કાયમી અને સાચા સરનામે તેમના નામે તા.૧૯/૦૬/૨૦૨૪ નાં રોજ રજી.એ.ડી.બે અલગ અલગ નોટીસ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧ ૩૮ મુજબ રજી. એડી થી નોટીસ આપેલી. જે આંક-૧૨ થી રજુ કરેલ છે. આ કામના તહોમતદારને નોટીસ કર્યા અંગેની પોસ્ટ ખાતા તરફથી આપવામાં આવેલ રીસીપ્ટ આંક-૧૩ થી રજુ કરેલ છે તથા નોટીસ બજી ગયાની અંગેની એકજોલેજમેન્ટ આંક-૧૪ થી રજુ કરેલ છે. જે નીચે મુજબ છે.

| Sr. | Description | Date | Exh |
|---|---|---|---|
| 1 | Date of return of cheque from bank | 12/06/24 | 11 |
| 2 | Demand Notice | 19/06/24 | 12 |
| 3 | Register AD window Slip | 19/06/24 | 13 |
| 4 | ACKNOWLEDGEMENT | 27/06/24 | 14 |

૧૬.૧) આમ ઉપરોકત ફરિયાદપક્ષે તથા આરોપી તર્ફ રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા ફરિયાદીએ આરોપીએ આપેલ ચેક '' FUNDS INSUFFISIENT "ના શેરા સાથે પરત આવ્યાના ત્રીસ દિવસની અંદર આરોપીને લેખિત ડીમાન્ડ નોટીસ આપેલ છે.

**II) ચેક દેવા અને જવાબદારી પેટે આપવામાં આવેલ હતો.) Cheque issued for debts or liabitities.)**

**VI) ચેકની રકમ ચુકવવામાં નિષ્ફળતા (Failure of payment of cheque Amount)**

ઉપરોકત બંને મુદાની ચર્ચા સાથે કરવામાં આવેલ છે.

(૧૭) આ કામે ફરિયાદી પવન ડી. રાજાણી આંક:૦૪ ની સોગંદપરની સરતપાસ જોતા તેમાં જણાવેલ છે કે, આ કામના તહોમતદાર તથા તેમના પિતાશ્રી સાથે ફરીયાદી ઘણા સમયથી જુના બોક્ષ લે-વેચનો વેપાર ધંધો કરે છે. જેથી વેપારીક સંબંધના દાવે આ

કામના તહોમતદારને ધંધાના વિકાસ માટે નાણાંની જરૂરીયાત ઉપસ્થિત થતાં, જે ધંધાકીય સંબંધોના કારણે આજથી આશરે ૬–માસ પહેલા હાથ ઉછીના રૂપીયાની ફરીયાદી પાસે માંગણી કરતાં ફરીયાદીએ આ કામના તહોમતદારને તેમની સાથેના ધંધાકીય સંબંધોના કારણે કટકે કટકે હાથ ઉછીના રૂા.૧૬,૦૦,૦૦૦/–( અંકે રૂપીયા સોળ લાખ પુરા) આજથી ૬–માસ પહેલા આપેલા. ત્યારબાદ સમય પુરો થયા બાદ ફરીયાદીએ હાથ ઉછીના લેણા ની માંગણી કરતા ફરીયાદીને આ કામના તહોમતદારએ જણાવેલ કે, અમારી પાસે રોકડમાં નાણાં નથી જેથી હું તમોને મારા ખાતાની બેંકનો એક ચેક આપુ છું જે ચેક વસુલાત અર્થે રજુ કરશો તો તમોને તમારી ચેક મુજબની કાયદેસરની હાથ ઉછીની લેણી રકમ વસુલ મળી જશે તેમ જણાવીને આ કામના તહોમતદારએ ફરીયાદીને તેમના બેંક ઓફ બરોડા, વાસણા રોડ શાખા અમદાવાદના ખાતા નં.૧૮૨૫૦૧૦૦૦૧૧૮૯૬ નો ચેક નં.૦૦૦૦૮૩ વાળો તા.૦૩/૦૫/૨૦૨૪ નારોજ નો રૂા. ૧૬,૦૦,૦૦૦ /– (અંકે રૂપીયા સોળ લાખ પુરાનો) ચેક આપેલો.ફરિયાદીએ તેમની "આઇ.ડી.બી.આઇ. બેંક સુરેન્દ્રનગર શાાખાના ખાતા નં.૦૨૨૦૧૦૪૦૦૦૧૨૭૮૭૫ માં તા.૧૧/૦૬/૨૦૨૪ ના રોજ વસુલાત અર્થે રજુ કરતાં, સદરહુ ચેક તા.૧૨/૦૬/૨૦૨૪ ના રોજ " FUNDS INSUFFISIENT " પરત ફરેલો. આ કામના તહોમતદારે ફરિયાદીની કાયદેસરની લેણી રકમ પેટે ચેક આપી બેલેન્સ નહિ રાખી નાણા વસુલ આપેલ નથી.

૧૭.૧) **આ તબકકે નેગોશિયેબલ ઈન્સ્ટ્રમેન્ટ કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ નીચે મુજબ છે.**

**Sec. 118. Presumptions as to negotiable instruments :**

Until the contrary is proved, the following presumptions shall be made :-

(a) of consideration – that every negotiable

instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration ;

(b) as to date – that every negotiable instrument bearing a date was made or drawn on such date ;

(c) as to time of acceptance – that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) as to time of transfer – that every transfer of a negotiable instrument was made before tis maturity;

(e) as to order of indorsements – that the indorsements appearing upon a negotiable instrument were in the order in which they appear thereon;

(f) as to stamp- that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) that holder is a holder in due course- that the holder of a negotiable instrument is a holder in due course;

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

**Sec. 139 Presumption in favour of holder :**

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

૧૭.૨) in case of Bir Singh vs Mukesh Kumar.Para- 21. નીચે મુજબ છે.

21 .In passing the impugned judgment and order dated 21-11-2017, the High Court mis-construed Section

139 of Negotiable Instruments Act, which mandates that unless the contrary is proved, it is to be presumed that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138, for the discharge, in whole or in part, of any debt or other liability. Needless to mention that the presumption contemplated under Section 139 of the Negotiable Instruments Act, is a rebuttable presumption. However, the onus of proving that the cheque was not in discharge of any debt or other liability is on the accused drawer of the cheque.

22. In Hiten P. Dalal vs. Bratindranath Banerjee (2001) 6 SCC 16), this Court held that both Section 138 and 139 require that the Court shall presume the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn. Following the judgment of this Court in State of Madras vs. Vaidyanatha Iyer (AIR 1958 SC 61), this Court held that it was obligatory on the Court to raise this presumption.

23. Section 139 introduces an exception to the general rule as to the burden of proof and shifts the onus on the accused. The presumption under Section 139 of the Negotiable Instruments Act is a presumption of law, as distinguished from presumption of facts. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, which requires the prosecution to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law and presumptions of fact unless the accused adduces evidence showing the reasonable possibility of the nonexistence of the presumed fact as held in Hiten P. Dalal (supra).

24. Presumption of innocence is undoubtedly a human right as contended on behalf of the Respondent-accused, relying on the judgments of this Court in Ranjitsing Brahmajeetsing Sharma vs.State of Maharashtra and Anr (2005) 5 SCC 294 and Rajesh Ranjan Yada @ Pappu Yadav vs. CBI through its Director (2007)1 SCC 70. However the guilt may be established by recourse to

presumptions in law and presumptions in facts, as observed above.

25. In Laxmi Dyechem vs. State of Gujarat & Ors. (2012) 13 SCC 375, this Court reiterated that in view of Section 139, it has to be presumed that a cheque was issued in discharge of a debt or other liability but the presumption could be rebutted by adducing evidence. The burden of proof was however on the person who wanted to rebut the presumption. This Court held however, this presumption coupled with the object of Chapter XVII of the Act leads to the conclusion that by countermanding payment of a post dated cheque, a party should not be allowed to get away from the penal provision of Section 138 of the Act.

26. In Kumar Exports vs. Sharma Carpets(2009) 2 SCC 513, this Court reiterated that there is a presumption that every negotiable instrument duly executed, is for discharge of a debt or liability,but the presumption is rebuttable by proving the contrary. In the facts and circumstances of the case it was found that the cheque in question was towards advance for purchase of carpets, which were in fact not sold by the payee of the cheque to the drawer, as proved from the deposition of an official of the Sales Tax Department, who stated that the payee had admitted that he had not sold the carpets.

27. In K.N. Beena vs. Muniyappan and Another (2001) 8 SCC 458, this Court held that in view of the provisions of Section 139 of the Negotiable Instruments Act read with Section 118 there of,the Court had to presume that the cheque had been issued for discharging a debt or liability. The said presumption was rebuttable and could be rebutted by the accused by proving the contrary. But mere denial or rebuttal by the accused was not enough. The accused had to prove by cogent evidence that there was no debt or liability. This Court clearly held that the High Court had erroneously set aside the conviction, by proceeding on the basis that denials/averments in the reply of the accused were sufficient to shift the burden of

proof on the Complainant to prove that the cheque had been issued for discharge of a debt or a liability. This was an entirely erroneous approach. The accused had to prove in the trial by leading cogent evidence that there was no debt or liability.

36. The proposition of law which emerges from the judgments referred to above is that the onus to rebut the presumption under Section 139 that the cheque has been issued in discharge of a debt or liability is on the accused and the fact that the cheque might be post dated does not absolve the drawer of a cheque of the penal consequences of Section 138 of the Negotiable Instruments Act.

૧૭.૩) Supreme Court of India reported in AIR 2019 SC 1876 delivered in case of Rohitbhai Jivanlal Patel Vs State of Gujarat. કેસના પ્રસ્તુત પેરા ૧૨,૧૪,૧૮,૧૯ નીચે મુજબ છે.

12. For determination of the point as to whether the High Court was justified in reversing the judgment and orders of the Trial Court and convicting the appellant for the offence under Section 138 of the NI Act, the basic questions to be addressed to are twofold: as to whether the Complainant-Respondent No. 2 had established the ingredients of Sections 118 and 139 of the NI Act, so as to justify drawing of the presumption envisaged therein; and if so, as to whether the accused-appellant had been able to displace such presumption and to establish a probable defence whereby, the onus would again shift to the Complainant?

14. ...Therefore, it is required to be presumed that the cheques in question were drawn for consideration and the holder of the cheques i.e., the Complainant received the same in discharge of an existing debt. The onus, therefore, shifts on the accused-appellant to establish a probable defence so as to rebut such a presumption.

18. ...In this regard, significant it is to notice that apart from making certain suggestions in the cross-examination, the accused appellant has not adduced any documentary evidence to satisfy even primarily that there had been some monetary transaction of himself with Shri

Jagdishbhai.

19. ..The observations of the Trial Court that there was no documentary evidence to show the source of funds with the Respondent to advance the loan, or that the Respondent did not record the transaction in the form of receipt of even kachcha notes,or that there were inconsistencies in the statement of the Complainant and his witness, or that the witness of the complaint was more in know of facts etc. would have been relevant if the matter was to be examined with reference to the onus on the complaint to prove his case beyond reasonable doubt. These considerations and observations do not stand in conformity with the presumption existing in favour of the Complainant by virtue of Sections 118 and 139 of the NI Act. Needless to reiterate that the result of such presumption is that existence of a legally enforceable debt is to be presumed in favour of the Complainant. When such a presumption is drawn, the factors relating to the want of documentary evidence in the form of receipts or accounts or want of evidence as regards source of funds were not of relevant consideration while examining if the accused has been able to rebut the presumption or not.

૧૭.૪) આમ ઉપરોકત ફરિયાદી તર્ફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા, પક્ષકારોની સ્વીકૃત હકિકતો, તથા ઉપરોકત નામદાર અપેકસ કોર્ટો દ્વારા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં તકરારી ચેક આરોપીના બેંક એકાઉન્ટનો તેમજ આરોપીએ ચેકમાં સહી કરી ફરિયાદીને આપેલો તે હકિકત સ્વીકૃત હકિકત છે. જે તકરારી ચેક આરોપીએ કાયદેસરના લેણાની જવાબદારી પેટે આપેલો હોવાનું તેવું અનુમાન કરવાનું રહે છે. **નામદાર સુ.કોર્ટ દ્વારા રંગપ્પા વિરૂધ્ધ મોહન,૨૦૧૦ક્રિ.લો.જ.૨૮૭૧ના કેસમા** પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રમેન્ટ એકટ કલમ–૧૩૯ નું અર્થઘટન તથા અનુમાનની અસર અને તે

અનુમાનનું ખંડન કરવા આરોપી રહેલ જવાબદારી ધ્યાને લીધી. આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રમેન્ટ એકટ કલમ–૧૩૯ મુજબનું ખંડન કરવા પુરાવો આપવો જ પડે તેવું નથી. પરંતુ તે માટે ફરિયાદપક્ષે આપેલ પુરાવા પર પણ આધાર રાખી શકે છે.વધુમાં આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રમેન્ટ એકટ કલમ–૧૩૯ મુજબનું ખંડન કરવા માટે નિ:શંકપણે કે શંકાથી પર ફરિયાદપક્ષે રહેલ જવાબદારી મુજબ પુરાવો આપવાની જરૂર નથી.પરંતુ તેના માટે આરોપી તર્ફે ફરિયાદપક્ષનો કેસ વાજબી શંકા ઉપજાવે તેવી હકિકત રેકર્ડ પર લાવવી પડે.

૧૭.૫) આ કામે આરોપી તર્ફે રજુ થયેલ બચાવ કરેલ નથી. ફરિયાદીએ લેણી રકમ પેટે નોટીસ આપ્યા બાદ બાકી રહેતી રકમ આજદીન સુધી ચુકવેલ નથી. આમ વધુમાં ફરિયાદી દ્વારા આપવામાં આવેલ રકમ આરોપીને મળેલ નથી તે હકિકત આરોપી રેકર્ડ પર લાવેલ નથી. વધુમાં આરોપીએ બચાવ લીધેલ નથી કે તે લગત આધારભુત પુરાવો રેકર્ડ પર લાવેલ નથી. આમ આરોપી તર્ફે તકરારી ચેક લગત અલગ અલગ બચાવ લઈ ખંડનાત્મક પુરાવો રજુ કરેલ નથી. આમ ફરયિાદીએ તકરારી ચેક, નોટીસ તેમજ મૌખિક પુરાવાથી સાબિત કરેલ છે કે આરોપી દ્વારા સહી કરીને ચેક આપવામાં આવેલ હતો. વધુમાં આરોપીએ આંક–૧૨ વાળા ચેકમાં આરોપીની સહી નહિ હોવાનું નકારી કાઢેલ નથી. જેથી ધી નેગોશિયેબલ ઈસ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૧૮(એ) મુજબ તકરારી ચેક કાયદેસરના અવેજ માટે આપવામાં આવેલ હતો તેવું અનુમાન કરવાનું રહે છે. આમ આરોપી એ નેગોશિયેબલ ઈન્સ્ટ્રમેન્ટ એકટ કલમ–૧૩૯ મુજબના અનુમાનનું ખંડન કરવામાં નિષ્ફળ રહેલ છે.

(૧૮) આ કામના આરોપીની તા.૧૧/૪/૨૦૨૫ના રોજ પ્લી રેકર્ડ કરેલ તે દિવસે આરોપીી વકીલ રોકવાની અરજી આપેલ છે .ત્યારબાદ આરોપીએ તા.૫/૬/૨૫ ના રોજ વકીલ રોકવાના હોય તેમજ ચર્ચા કરવાની હય તેવા કારણે મુદત અરજી આપેલ છે.તયારપછી આરોપી હાજર ન રહેતાં આંક-૨૦થી ફરિયાદપક્ષે આરોપીની ઉલટતપાસ નો હક બંધ કરવાની અરજી આવતાં મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ તા.૧૪/૭/૨૫ના રોજ આરોપીની ઉલટતપાસનો હક બંધ કરેલ છે.તયારબાદ પણ આરોપી હાજર ન રહેતાં મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ ફરિયાદપક્ષે આંક-૨૨થી આરોપીના વિશેષ પુરાવાનો હક બંધ કરવાની અરજી આવતાં આરોપીના વિશેષ પુરાવો હક બંધ થયેલ છે.ત્યારબાદ આરોપી તા.૧૮/૮/૨૫ના રોજ તેમના વકીલ મારફતે હાજર થઈ આંક-૨૪ થી રૂ।.૩૦૦,૦૦૦/- નો ચેક આપેલ છે તેમજ રૂ।.૧૩,૦૦,૦૦૦/- હવે પછી ની મુદતે ચુકવી આપીશું તેવી પુરશીશ રજુ કરેલ છે.ત્યારબાદ આરોપીએ ફરિયાદીને ચેકની સંપુર્ણ રકમ ચુકવી આપ્યા બાબતે કોઈ આધારભુત પુરાવો રજુ કરેલ નથી કે સદર કામે પોતાનો બચાવ રજુ કરી ફરિયાદીના કેસને ખંડનાત્મક પુરાવો રજુ કરેલ નથી.ત્યારબાદ દલીલનો હક બંધ થયેલ છે. આરોપી દલીલ વખતે કે જજમેન્ટ વખતે પણ હાજર થયેલ નથી. આ સંજોગોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના નીચે મુજબના ચુકાદાપર આધાર રાખીએ છીએ.જે નીચે મુજબ છે.

**Sharad Jethalal Savla Vs. State Of Gujarat And Ors.,Cri. Misc.Application No : 19862 of 2015 Decided on : 14/11/2016 2017 eGLR_HC 10006044**

'Be you ever so high, but the law is above you', is the signature theme of rule of law that loudly and silently (as well) echoes in the Indian Constitutional context. Of course,

the law makers and law enforcers must willingly assist the Court in angling the convict avoiding and dodging the law makers, the law enforcers and the law interpreters (Judges and Courts). No illegality as regards the pronouncement of the judgment and order of conviction and sentence in the absence of the applicant accused. The judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Sub section (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.

આમ ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદીએ એ હકિકત પુરવાર કરેલ છે કે આરોપીએ પોતાની બેંકે "બેંક ઓફ બરોડા, વાસણા રોડ શાખા અમદાવાદના ખાતા નં.૧૮૨૫૦૧૦૦૦૧૧૮૯૬ નો ચેક નં.૦૦૦૦૮૩ વાળો રૂા. ૧૬,૦૦,૦૦૦ /– (અંકે રૂપીયા સોળ લાખ પુરાનો) તા.૦૩/૦૫/૨૦૨૪ ના રોજનો ચેક આપેલ છે. તકરારી ચેક આરોપીએ તેના કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ હોવાની હકિકત ફરિયાદીએ પુરવાર કરેલ છે. આરોપીએ આપેલ ચેક ફરિયાદીએ સમયમર્યાદાની અંદર બેંકમાં રજુ કરેલાની હકિકત પુરવાર કરેલ છે. આરોપીએ દ્વારા આપવામાં આવેલ ચેક બેંક દ્વારા'' FUNDS INSUFFISIENT" ના શેરા સાથે પરત આવેલાની હકિકત પુરવાર કરેલ છે. આરોપીએ આપેલ ચેક બેંક દ્વારા રીટર્ન થયા તારીખથી ૩૦ દિવસની અંદર આરોપીને નોટીસ આપેલાની હકિકત પુરવાર કરેલ છે. આરોપી નોટીસ મળ્યાના ૧૫ દિવસ અંદર ફરિયાદીને ચેકની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલાની હકિકત પુરવાર કરેલ છે. આમ ફરિયાદી ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ના તમામ આવશ્યક તત્વો પુરવાર કરેલ છે. આમ, ફરીયાદીનો કેસ પુરેપુરો સફળ પુરવાર થયેલ હોય આ કામે તહોમતદારને તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**: : હુ ક મ : :**

(૧) આરોપી : રીજવાનભાઈ રજાકભાઈ મેમણ, રહે.:રોયલ એન.કે. ફલેટ, પહેલા માળે, સેકુલ ઈસ્લામ મસ્જીદ સામે, શાહ આલમ દરવાજા, શાહઆલમ રોડ,અમદાવાદવાળાઓને બી.એન.એસ.એસ.ની કલમ: ૨૭૮(૨) મુજબ નેગો.ઈ.મેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ પ્રમાણેના ગુના સબબ તકસીરવાન ઠરાવી ને ૬(છ) માસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

(૨) આરોપીને રૂા ૨૫૦૦/–નો દંડ કરવામાં આવે છે જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ એક માસની સજા ભોગવવી.

(૩) આ કામના આરોપીએ ફરીયાદીને ચેકની રકમ વળતર પેટે ચુકવી આપવી.

(૪) આ કામના આરોપીને હુકમની નકલ બી.એન.એસ.એસ.ની કલમ: ૪૦૪ ની જોગવાઈ મુજબ વિના મુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આરોપી હાજર ન હોય આરોપી વિરૂધ્ધ સજા વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.: ૦૬, માહે: માર્ચ , સને.: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ :૦૬/૦૩/૨૦૨૬
સ્થળ: સુરેન્દ્રનગર.

**(તૃપ્તિબેન અમૃતલાલ ભાડજા)**
ત્રીજા એડીશનલ સીનીયર સીવીલ જજ
તથા
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર
**UIC No.GJ01399**